For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

દિવાળી વેકેશન ટુંકાવી દેવાયું, હવે આવતી કાલથી હીરાનાં કારખાનાં ધમધમશે


4 વર્ષ બાદ હીરા ઉદ્યોગ બે પાળીમાં ધમધમશે

વેડિંગ રિંગ, ઇયરિંગ, બ્રેસલેટ અને લેબગ્રોન ડાયમંડ જડિત લાઇટ વેટ જ્વેલરીની માંગમાં ઉછાળો

વર્ષોથી એક મહિના સુધી ચાલતું દિવાળી વેકેશન ઘટીને 15 દિવસનું થયું

નિકાસના ઓર્ડર સમયસર પૂરા કરવા કારખાનાંમાં બે પાળીમાં ઉત્પાદનની તૈયારી

લેબગ્રોન ડાયમંડને લીધે ઉદ્યોગને મોટો લાભ થયો



સુરતઃ સુરતના હીરા ઉદ્યોગ માટે લાંબા સમય બાદ રાહતના સંકેતો મળી રહ્યા છે. યુરોપિયન દેશો અને મિડલ ઈસ્ટના બજારોમાંથી વેડિંગ રિંગ, ઈયરિંગ, બ્રેસલેટ સહિત લેબગ્રોન ડાયમંડ જડિત લાઈટ વેટ જ્વેલરીની માંગમાં વધારો થતાં સુરતના હીરા કારખાનાઓમાં ફરી ઉત્પાદનની ગતિ તેજ બનવાની છે. 15 દિવસના ટૂંકા દિવાળી વેકેશન બાદ આગામી 23 નવેમ્બરથી સુરતનો હીરા ઉદ્યોગ બે પાળીમાં ફરી ધમધમતો થવાની તૈયારીમાં છે.

અગાઉનાં વર્ષોમાં વૈશ્વિક બજારમાં નબળી માંગ અને કુદરતી હીરાના ઘટતા ભાવને કારણે સુરતનાં હીરા કારખાનાઓમાં દિવાળી વેકેશન એક મહિના કે તેથી વધુ સમય સુધી લંબાતું હતું. જોકે, આ વર્ષે વેપારની સ્થિતિમાં સુધારો થતાં વેકેશનનો સમયગાળો ઘટાડીને આશરે 15 દિવસનો રાખવામાં આવ્યો છે. આ

...અનુસંધાન પાના 5 પર

સુરતના લેબગ્રોન ડાયમંડ ઉત્પાદકોને પણ છેલ્લા કેટલાક મહિનાઓમાં ઓર્ડર મળવાની સ્થિતિમાં સુધારો જોવા મળ્યો છે. લેબગ્રોન હીરાનો ઉપયોગ કરીને તૈયાર થતી લાઇટ વેટ જ્વેલરી આંતરરાષ્ટ્રીય બજારમાં ગ્રાહકોનું ધ્યાન ખેંચી રહી છે. તેના પરિણામે માત્ર હીરા પોલિશિંગ જ નહીં, પરંતુ કટિંગ, પોલિશિંગ અને જ્વેલરી મેન્યુફેક્ચરિંગ સાથે સંકળાયેલી પ્રવૃત્તિઓને પણ વેગ મળવાની આશા છે. જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના ચેરમેન કિરીટ ભણસાલીએ જણાવ્યું હતું કે કુદરતી હીરાની નિકાસના મૂલ્યમાં થઈ રહેલો ઘટાડો ધીમો પડી રહ્યો છે અને હીરાના ભાવમાં પણ સુધારાનાં સંકેતો જોવા મળી રહ્યા છે. ભારતના વિવિધ

...અનુસંધાન પાના 5 પર

ઉત્તરના સૂકા પવનોની અસરઃ સુરતમાં ઠંડીનો ચમકારો

સુરતમાં સિઝનનું સૌથી નીચું 16.6 ડિગ્રી તાપમાન નોંધાયું

બે દિવસમાં લઘુત્તમ તાપમાનમાં સાત ડિગ્રીનો ઘટાડો, ભેજ ઘટીને 38 ટકા થયો

ઉત્તર તરફથી પવન યથાવત્ રહેશે તો ઠંડીનું જોર વધવાની શક્યતા

દક્ષિણ ગુજરાતનું તાપમાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
નવસારી	32.6	15.7
વલસાડ	33.2	17.2
ડાંગ	30.0	16.0
નર્મદા	30.0	16.0
ભરૂચ	24.0	27.0

સુરતઃ શહેરમાં હવે શિયાળાની ધીમે ધીમે જમાવટ થવા લાગી છે. ઉત્તર દિશામાંથી ફૂંકાઈ રહેલા સૂકા પવનની અસરને પગલે છેલ્લા બે દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. આજે લઘુત્તમ તાપમાન વધુ સાડા ત્રણ ડિગ્રી ગગડીને 16.6 ડિગ્રી નોંધાયું હતું, જે ચાલુ સિઝનનું અત્યાર સુધીનું સૌથી નીચું તાપમાન છે. બે દિવસમાં રાત્રિના તાપમાનમાં અંદાજે સાત ડિગ્રીનો ઘટાડો થતાં વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ વધ્યો છે.

હવામાનમાં આવેલા આ બદલાવ પાછળ ઉત્તર દિશામાંથી ફૂંકાતા સૂકા પવનોને મુખ્ય કારણ માનવામાં આવે છે. આજે શહેરમાં છ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉત્તર દિશાના પવનો ફૂંકાયા હતા. સાથે જ હવામાં ભેજનું પ્રમાણ ઘટીને માત્ર 38 ટકા રહેતાં વાતાવરણમાં સૂકાપણું વધ્યું હતું. ભેજમાં ઘટાડો અને ઉત્તર તરફથી આવતા ઠંડા પવનોના કારણે રાત્રિના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. બીજી તરફ, દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં આંશિક વધારો થઈને 31.8 ડિગ્રી નોંધાયું હતું. આમ દિવસ અને રાત્રિના તાપમાન વચ્ચે 15.2 ડિગ્રીનો મોટો તફાવત જોવા મળ્યો છે. હવામાનમાં આવેલા આ પલટા વચ્ચે આગામી દિવસોમાં પણ ઉત્તર દિશાના પવનોની સ્થિતિ યથાવત્ રહે તો લઘુત્તમ તાપમાનમાં હજુ ઘટાડો થઈ શકે છે. જેના કારણે સુરતીઓએ આગામી દિવસોમાં વધુ ઠંડીનો સામનો કરવો પડે તેવી શક્યતા છે. ખાસ કરીને વહેલી સવારે બહાર નીકળતા લોકો માટે ઠંડીનો અહેસાસ વધુ તીવ્ર બની શકે છે.

હરિયાણાનો MBBSનો વિદ્યાર્થી સાયબર ફ્રોડમાં સુરતથી ઝડપાયો

મેવાતી ગેંગ છ મહિનાથી ભેસ્તાનમાંથી દેશભરમાં સાયબર ફ્રોડનું નેટવર્ક ચલાવતી હતી

જૂના સિક્કા ખરીદ-વેચવાની લાલચ આપી બેંક ખાતાં ભાડે મેળવતા હતા



સુરતઃ ભેસ્તાનના રાજ ઇન્ડસ્ટ્રિયલ એસ્ટેટમાં બેંક ખાતાં ભાડે મેળવી દેશભરમાં સાયબર ઠગાઈના નાણાંની હેરાફેરી કરતી હરિયાણાના નૂહ-મેવાતની આંતરરાજ્ય ટોળકીનો ભેસ્તાન પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે દરોડા પાડી MBBS વિદ્યાર્થી સહિત ચાર આરોપીની ધરપકડ કરી છે, જ્યારે ચારને વોન્ટેડ જાહેર કર્યા છે. આરોપીઓ પાસેથી રૂ. ૪.૪૭ લાખ રોકડા, ૧૫ મોબાઇલ ફોન અને ૨૨ ડેબિટ કાર્ડ સહિત રૂ. ૫.૭૨ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં ટોળકી સાથે

...અનુસંધાન પાના 5 પર

રૂ.૧૫થી ૧૬ હજારની લાલચ આપી બેંક ખાતાં ખોલાવતા હતા

ચોળકી જરૂરિયાતમંદ લોકોને રૂ. ૧૫થી ૧૬ હજાર આપવાની લાલચ આપી તેમના નામે અલગ-અલગ બેંકોમાં ખાતાં ખોલાવતા હતા. ખાસ કરીને સાહીલ ઉર્ફે પોલુ આ રીતે બેંક ખાતાં ખોલાવી તેની કિટ, એટીએમ કાર્ડ, પાસબુક, ચેકબુક અને રજિસ્ટર્ડ મોબાઇલ નંબરનાં સિમકાર્ડ મેળવી લેતો હતો. આવા નવ બેંક ખાતાં અન્ય આરોપીઓને ભાડે આપવામાં આવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે.

જૂના સિક્કાની જાહેરાતથી લોકોને નિશાન બનાવતા

હરિયાણામાં બેઠેલા મુખ્ય સૂત્રધારો અજરૂદ્દીન, ફારૂક અને ફજા સોશિયલ મીડિયા પર બોગસ પ્રોફાઇલ બનાવી જૂના સિક્કા ખરીદવા-વેચવાની લોભામણી જાહેરાતો મૂકતા હતા. આ જાહેરાતોના આધારે સંપર્કમાં આવતા લોકોને સિક્કા ખરીદવા અથવા વેચવાના બહાને એડવાન્સ નાણાં જમા કરાવવા માટે કહેવામાં આવતું હતું. આ નાણાં સુરતમાં બેઠેલા સાગરીતો દ્વારા સંચાલિત બેંક ખાતાં અને યુપીઆઇ આઇડીમાં જમા કરાવવામાં આવતાં હતાં.

કમિશન કાપીને બાકીની રકમ હરિયાણા મોકલતા

આરોપીઓ ભાડે મેળવેલા સિમકાર્ડના આધારે ગૂગલ પે, ફોનપે અને પેટીએમ જેવી એપ્લિકેશનમાં યુપીઆઇ આઇડી બનાવી તેના ક્યૂઆર કોડ વોટ્સએપ ગ્રૂપમાં મોકલતા હતા. ગ્રાહકો પાસેથી નાણાં જમા થતાં જ તેના સ્ક્રીનશોટ ગ્રૂપમાં મોકલવામાં આવતા હતા. ત્યારબાદ સુરતમાં હાજર આરોપીઓ એટીએમ મારફતે રોકડ ઉપાડી લેતા હતા. રોકડમાંથી પોતાનું કમિશન રાખી બાકીની રકમ હરિયાણામાં બેઠેલા મુખ્ય સૂત્રધારો સુધી પહોંચાડવામાં આવતી હતી.

પકડાયેલા આરોપીઓ

(1) રઝાક ફૈઝી સૈયદ (ઉ.વ. ૩૨, હાલ રહે. પ્લોટ નં. ૩૭, રાજ ઇન્ડસ્ટ્રિયલ, ભેસ્તાન, મૂળ ગામ પાલી, જિલ્લો ડીગ, રાજસ્થાન)
(2) આમીરખાન આસમોહમદ ખાન (ઉ.વ. ૨૩, હાલ રહે. પ્લોટ નં. ૩૭, રાજ ઇન્ડસ્ટ્રિયલ, ભેસ્તાન, સુરત; મૂળ ગામ બડેડ, જિલ્લો નુહ, હરિયાણા)
(3) સાહીલ ઉર્ફે પોલુ હારૂન ફજરૂદ્દીન સૈયદ (ઉ.વ. ૨૬, હાલ રહે. સંજરનગર-૦૪, ઉન, ભેસ્તાન, સુરત; મૂળ ગામ દેવસીરસ, જિલ્લો મથુરા, ઉત્તર પ્રદેશ)
(4) સમીર જેકમ નુર મોહમદ ખાન (ઉ.વ. ૨૨, હાલ રહે. ખાતા નં. ૩૬, સોહેલ પ્લાસ્ટિક, રાજ ઇન્ડસ્ટ્રીઝ, ઉન-ભેસ્તાન, સુરત; મૂળ ગામ અકાતા, જિલ્લો ડીગ, રાજસ્થાન)

વોન્ટેડ આરોપીઓ

(1) વોન્ટેડ આરોપીઓ જ્યારે અજરૂદ્દીન ઉર્ફે આજરૂ આસમોહમદ ખાન (ઉ.વ. ૨૮, હાલ રહે. ભેસ્તાન, સુરત; મૂળ ગામ બડેડ, જિલ્લો નુહ, હરિયાણા)
(2) ફારૂક ઇસપ ખાન (ઉ.વ. ૨૬, રહે. ગામ બડેડ, તા. પુનહાના, જિલ્લો નુહ, હરિયાણા)
(3) ફજા ઇસપ ખાન (ઉ.વ. ૨૫, રહે. ગામ બડેડ, તા. પુનહાના, જિલ્લો નુહ, હરિયાણા)
(4) જેકમ નુર મોહમદ ખાન (સમીરના પિતા, હાલ રહે. રાજ ઇન્ડસ્ટ્રીઝ, ઉન-ભેસ્તાન, સુરત; મૂળ ગામ અકાતા, જિલ્લો ડીગ, રાજસ્થાન)

રૂ.૫.૭૨ લાખનો મુદ્દામાલ કબજે

- રૂ. ૪,૪૭,૫૦૦ રોકડા
- રૂ. ૧.૨૫ લાખની કિંમતના ૧૫ મોબાઇલ
- ૨૨ ડેબિટ કાર્ડ, બે પાસબુક, બે ચેકબુક
- ચાર સિમકાર્ડ, એક સ્કેનર, હિસાબની નોટબુક
- એટીએમમાં નાણાં જમા કરાવ્યાની ત્રણ સ્લીપ

દેવ ઊઠી અગિયારસે કાંતારેશ્વર મહાદેવ દીવડાથી ઝગમગી ઊઠ્યું



દેવ ઊઠી અગિયારસ પછી શુભ કાર્યોની શરૂઆત થઇ જાય છે. આ દિવસની ઉજવણીના ભાગરૂપે કંતારેશ્વર મહાદેવી દીવડાઓથી ઝગમગી ઊઠ્યું હતું. **(તસવીર : સતીષ જાદવ)**

સરથાણામાં બેંક મેનેજર જ સાયબર ફ્રોડનો ભોગ

ઘરે મોબાઇલ હોવા છતાં ટુકડે ટુકડે રૂ.૪૭,૦૮૦ ઉપડી ગયા

સુરત : સરથાણા વિસ્તારમાં રહેતા એક બેંક મેનેજરના ક્રેડિટ કાર્ડમાંથી અજાણ્યા શખ્સે ટુકડે-ટુકડે રૂ. ૪૭,૦૮૦ ઉપાડી લેતા પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

સરથાણા વિસ્તારમાં વ્રજ ચોક ખાતે આવેલી વ્રજરાજ રેસિડેન્સીમાં હિતેશકુમાર ઓધવજીભાઈ ઢોલિયા (ઉ.વ. ૪૫) પોતાના પરિવાર સાથે રહે છે. મૂળ ભાવનગર જિલ્લાના ગારીયાધાર તાલુકાના રાણીગામના વતની હિતેશકુમાર બેંક મેનેજર તરીકે ફરજ બજાવે છે. ગત તા. ૧૦/૧૦/૨૦૨૬ના રોજ હિતેશકુમાર પોતાના ઘરે હાજર હતા અને તેમનો મોબાઈલ ફોન પણ તેમની પાસે જ હતો. દરમિયાન, મોડી રાત્રે/સાંજના ૧૨:૪૦ વાગ્યાના અરસામાં તેમના મોબાઈલ ફોન પર આઈ.સી.આઈ.સી.આઈ.બેંકના ક્રેડિટ કાર્ડ માંથી ટ્રાન્ઝેક્શન થયાના મેસેજ આવવા લાગ્યા હતા.તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, કોઈ અજાણ્યા સાયબર ગઠિયાએ તેમના ક્રેડિટ કાર્ડનો દુરુપયોગ કરીને ટુકડે-ટુકડે કુલ રૂ. ૪૭,૦૮૦ના ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કરી લીધા હતા. પોતે કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કર્યો હોવા છતાં ખાતામાંથી નાણાં કપાઈ જતાં હિતેશકુમાર ચોંકી ઉઠ્યા હતા. ઘટના અંગે તેમણે તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ઓનલાઈન અરજી કરીને જાણ કરી હતી. ત્યારબાદ આ મામલે સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ તેમજ ઈન્ફોર્મેશન ટેકનોલોજી અધિનિયમની કલમ હેઠળ ગુનો દાખલ કર્યો છે. પોલીસે ટ્રાન્ઝેક્શનની વિગતોના આધારે સાયબર ઠગોનું પગેરું મેળવવા તપાસ શરૂ કરી છે.

RTO અધિકારીનો ડ્રાઇવર હોવાનો રોફ જમાવી ટ્રકચાલક પાસે લાંચ માંગતો શખ્સ ઝડપાયો

સુરત, કીમઃ ઓવરલોડિંગના નામે ડમ્પરચાલકને રોકી ગાડી જવા દેવાના બદલામાં લાંચ માંગવાના પ્રકરણમાં સુરત ગ્રામ્ય એસીબીએ વડોલી ગામેથી એક શખ્સને રૂ.૫ હજારની લાંચ લેતાં રંગેહાથ ઝડપી પાડ્યો છે. આરોપીએ અગાઉ ફરિયાદી પાસેથી રૂ.૩ હજાર ગૂગલ-પે મારફતે મેળવી લીધા હતા અને બાકીના રૂ.૫ હજારની માંગણી કરી હતી. તપાસમાં આરોપી વર્ષ-૨૦૧૯થી ૨૦૨૫ દરમિયાન સુરત આરટીઓમાં કોન્ટ્રાક્ટ આધારિત ડ્રાઇવર તરીકે નોકરી કરતો હતો અને છેલ્લા એક વર્ષથી નોકરીમાં ન હોવા છતાં આરટીઓ અધિકારીનો ડ્રાઇવર હોવાનો રોફ જમાવી વાહનચાલકો પાસેથી ઉઘરાણાં કરતો હોવાની વિગતો સામે આવી છે.

એસીબીના જણાવ્યા મુજબ ફરિયાદીની ડમ્પર ગાડીઓ ઓલપાડ-કીમ રોડ પર રેતી, કપચી અને માટી ભરીને ઓર્ડર મુજબ માલ પહોંચાડવા જતી હતી. દરમિયાન આરોપી હિતેશભાઈ કરશનભાઈ આહિરે એક ડમ્પર રોકીને ઓવરલોડિંગ હોવાનું જણાવી ગાડી જવા દેવાના બદલામાં

...અનુસંધાન પાના 5 પર

અમદાવાદથી આંતરરાષ્ટ્રીય હબ એન્ડ સ્પોક ફ્લાઇટ કામગીરીનો પ્રારંભ, નાગરિક ઉડ્ડયન મંત્રી નાયડુની જાહેરાત

સુરત સહિત વધુ 22 એરપોર્ટને હબ એન્ડ સ્પોક કનેક્ટિવિટીથી જોડીશું

સુરત માટે આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટીનાં નવાં દ્વાર ખૂલવાની આશા

ડોમેસ્ટિક ફ્લાઇટ, વિદેશી જોડાણ અને બંધ થયેલી સેવાઓ પુનઃ શરૂ કરાવવાની તક

સુરતઃ ગુજરાતના હવાઈ ઉડ્ડયન ક્ષેત્ર માટે મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમમાં નાગરિક ઉડ્ડયન મંત્રાલયે અમદાવાદથી હબ એન્ડ સ્પોક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ કામગીરીનો પ્રારંભ કર્યો છે. વારાણસી અને અમૃતસર બાદ અમદાવાદ આ વ્યવસ્થામાં જોડાનાર દેશનું ત્રીજું એરપોર્ટ બન્યું છે. આ સાથે આગામી તબક્કામાં સુરત સહિત દેશનાં વધુ 22 એરપોર્ટ સુધી હબ એન્ડ સ્પોક કનેક્ટિવિટી વિસ્તારવાની જાહેરાત કરવામાં આવી છે. આ જાહેરાતથી સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ માટે આંતરરાષ્ટ્રીય હવાઈ જોડાણની નવી આશા જાગી છે.

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય રાજ્યમંત્રી મુરલીધર મોહોલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં અમદાવાદથી આ કામગીરી શરૂ કરવામાં આવી હતી. અગાઉ 25 જૂન 2026ના રોજ વારાણસી અને 28 જુલાઈએ અમૃતસરથી આ મોડલ અમલી બન્યું હતું.

વી વર્ક ફોર વર્જિન એરપોર્ટ એટ સુરતના અગ્રણી સંજય જૈને જણાવ્યું હતું કે, સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટે મુસાફરોની સંખ્યામાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. કેલેન્ડર વર્ષ-2024માં 16.47 લાખ અને 2025માં 18.10 લાખ મુસાફરોએ અવરજવર કરી હતી. જ્યારે જાન્યુઆરીથી

...અનુસંધાન પાના 5 પર

હબ એન્ડ સ્પોક મોડલમાં સુરત એરપોર્ટના સમાવેશને વૈશ્વિક હવાઈ જોડાણ માટે મહત્ત્વપૂર્ણ તક: ઈ.એચ.પઠાણ

વી વર્ક ફોર વર્જિન એરપોર્ટ એટ સુરતના અગ્રણી ઇ.એચ.પઠાણે જણાવ્યું હતું કે, હબ એન્ડ સ્પોક મોડલ હેઠળ સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટથી વિદેશની કનેક્ટિવિટી આપવા માટે દિલ્હી-સુરત રૂટ પર એર ઇન્ડિયાની કનેક્ટિવિટી આપવી પડશે. કારણ કે, સુરતમાં એર ઇન્ડિયા એક્સપ્રેસની સુવિધા છે. હબ એન્ડ સ્પોક મોડલ હેઠળ સુરત જેવા આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરથી જ મુસાફરોનું ચેક-ઇન, ઇમિગ્રેશન અને કસ્ટમ્સની પ્રક્રિયા પૂર્ણ થઈ શકશે. ત્યારબાદ દિલ્હી જેવા નિર્ધારિત હબ એરપોર્ટ મારફતે આંતરરાષ્ટ્રીય ફ્લાઇટમાં જોડાવાની સુવિધા મળશે.

...અનુસંધાન પાના 5 પર

હબ એન્ડ સ્પોક મોડલ: સુરતનો સમાવેશ બેલેટરલ એગ્રીમેન્ટ અને પોઇન્ટ ઓફ કોલમાં કરવાની વાર્તા પર પૂર્ણવિરામ મૂકશે

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટનો સમાવેશ દેશનાં 22 એરપોર્ટ સાથે હબ એન્ડ સ્પોક મોડલમાં કરવાની નાગરિક ઉડ્ડયન મંત્રી કિંજરાપુ રામમોહન નાયડુની જાહેરાત સાથે સુરતનો બેલેટરલ એગ્રીમેન્ટ અને પોઇન્ટ ઓફ કોલમાં સમાવેશ કરવાની માંગ પર પૂર્ણ વિરામ મૂકશે. સુરત એરપોર્ટથી વિદેશી એરલાઇન્સ અને ભારતીય

...અનુસંધાન પાના 5 પર

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹૪૫૦૦/-	₹૩૦૦૦/-	₹૫૨૦૦/-

(+GST EXTRA)

ગુજરાતમિત્ર જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦



દુઃખદ અવસાન બેસણું

દિલગીરી સહ જણાવવાનું કે મારા પુત્ર/પતિશ્રી નરેશભાઈ રતિલાલ પટેલનું તા: ૨૧-૧૧-૨૦૨૬ શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્ગતનું બેસણું સોમવારે તા. ૨૩-૧૧-૨૦૨૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧:૦૦ દરમ્યાન અમારા નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક રિવાજ બંધ છે.

લિ.
સ્વ. રતીલાલ બાલુભાઈ પટેલ(પિતા)
ગં.સ્વ. ચંપાબેન રતીલાલ પટેલ (માતા)
ગં.સ્વ. અંકિતાબેન નરેશભાઈ પટેલ(પત્ની)
હેમંતભાઈ રતીલાલ પટેલ (ભાઈ)
ભવ્ય નરેશભાઈ પટેલ(પુત્ર)
જશ નરેશભાઈ પટેલ(પુત્ર)
ખુશી માર્ક પટેલ(પુત્રી)
માર્ક ચંદ્રકાંતભાઈ પટેલ(જમાઈ)
તથા સમસ્ત મયવાવાળા પરિવાર

સ્વ. નરેશભાઈ રતીલાલ પટેલ
સ્વ.તા: ૨૦-૧૧-૨૦૨૬

બેસણાનું સ્થળ : રૂંઢ-મગદલ્લા, પાદર સ્ટ્રીટ, સુરત.



સ્વર્ગવાસ - બેસણું

દિલગીરી સાથે જણાવવાનું કે મારા પતિશ્રી / પિતાશ્રી કિરીટકુમાર જશવંતલાલ રેશમવાલાનું તા.૨૧/૧૧/૨૦૨૬ ને શનિવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતનાં દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

:: સદ્ગતનું બેસણું::
તા.૨૩/૧૧/૨૦૨૬ ને સોમવારે સાંજે ૮ થી ૯.૩૦ કલાકે રાખેલ છે.
:: બેસણાનું સ્થળ ::
''અવસર'' શ્રી સુરત લેઉવા પાટીદાર પંચની વાડી, વિનસ હોસ્પીટલ (અશ્કતાશ્રમ) સામે, રામપુરા મેઈન રોડ, રામપુરા, સુરત.

લિ. ગં.સ્વ.હંસાબેન કિરીટકુમાર રેશમવાલા
કલ્પેશકુમાર કિરીટકુમાર રેશમવાલા
ચીન્ટુ કિરીટકુમાર રેશમવાલા
રેશમવાલા પરિવાર

સ્વ.કિરીટકુમાર જશવંતલાલ રેશમવાલા
સ્વ.તા.૨૧/૧૧/૨૦૨૬

નિવાસ સ્થાન : ૪૧, સહયોગ સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત.

તૃતિય પુણ્યતિથિએ હાર્દિક શ્રદ્ધાંજલિ



સ્વ. ઘનસુખલાલ ઉર્ફે બાબુભાઈ ચીમનલાલ વાંકાવાલા
જન્મ.તા. ૨૦/૧૦/૧૯૩૬ સ્વ.તા. ૨૨/૧૧/૨૦૨૩

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સસ્મરણ વધુ યાદગાર બને છે.
જેમા આપની સ્મૃતિ એક વરદાન છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એ જ પ્રાર્થના...

લિ.
સ્વ. જશવંતીબેન ઘનસુખલાલ વાંકાવાલા

હરીશભાઈ ઘનસુખલાલ વાંકાવાલા (પુત્ર)
કિશોરભાઈ ઘનસુખલાલ પાનવાલા (પુત્ર)
રાજેન્દ્રભાઈ જયંતિભાઈ ગજજર (જમાઈ)
ઉજ્જવલ કિશોરભાઈ પાનવાલા
જય રાજેન્દ્રભાઈ ગજજર
તૃપ્તિ હરીશભાઈ વાંકાવાલા (પુત્રવધુ)
રેશ્મા કિશોરભાઈ પાનવાલા (પુત્રવધુ)
સુધાબેન રાજેન્દ્રભાઈ ગજજર (પુત્રી)
કેશા ઉજ્જવલ પાનવાલા
ડાલ્સી કિશોરભાઈ પાનવાલા
સેફાલી રાજેન્દ્રભાઈ ગજજર

સમસ્ત ચીમનલાલ બેચરદાસ પરિવાર, રાજેન્દ્રભાઈ જયંતિભાઈ ગજજર પરિવાર, ગુમાનભાઈ નાથુભાઈ આહિર પરિવાર તથા જયેશભાઈ બાબુભાઈ ભૂતવાલા પરિવાર

સંયુક્ત બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે અમારા પૂજ્ય ભાઈશ્રી/પિતાશ્રી લાલજીભાઈ હરજીભાઈ સુતરીયા તા.૨૦/૧૧/૨૦૨૬, શુક્રવારના રોજ શ્રી માધવ શરણ પામ્યા છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

સંયુક્ત બેસણું
તા.૨૨/૧૧/૨૦૨૬, રવિવાર ના રોજ સાંજે ૮ થી ૧૦ કલાકે રાખેલ છે.

બેસણાનું સ્થળ
ધર્મ દેવ ફાર્મ, સ્વરાજ હાઇટ્સની સામે, ડભોલી ગામ, સુરત.

સ્વ.લાલજીભાઈ હરજીભાઈ સુતરીયા
(ઉ.વ.૭૨) ગામ: જીવાપર
સ્વ.તા.૨૦/૧૧/૨૦૨૬

લિ.
છગનભાઈ હરજીભાઈ સુતરીયા
નરેશભાઈ લાલજીભાઈ સુતરીયા
દિનેશભાઈ લાલજીભાઈ સુતરીયા
પીયૂષભાઈ લાલજીભાઈ સુતરીયા
નિક્સન છગનભાઈ સુતરીયા

શ્વસુર પક્ષ (માલપરા)
બેચરભાઈ વાઘજીભાઈ સોનાણી
માવજીભાઈ વાઘજીભાઈ સોનાણી
પરેશભાઈ બેચરભાઈ સોનાણી

સુતરિયા પરિવારના જય સચ્ચિદાનંદ
M.: 99254 11199 / 98253 58993
ફર્મ : શાંતિ ગ્રૂપ

લૌકિક રિવાજ અને ઘરે બેસવાની પ્રથા સદંતર બંધ રાખેલ છે.